

ओ३म्

।। कृण्वन्तो विश्वमार्यम् ।।


# आर्य वैदिक दर्शन

# ARYA VEDIC DARSHAN

# આર્ય વૈદિક દર્શન

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું
માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

Vol.2 Issue 10, JANUARY 2018 Ahmedabad, (Gujarat)

Page : 32, Rs. 100 Annual




## ડૉ. ખંડુભાઇ દેસાઇ

શ્રી મહર્ષિ દયાનંદ સ્મારક ગુરુકુળ સૂપા અને આર્યસમાજ નવસારીની સ્થાપનાકાળથી તન-મન-ધનથી સેવા કરનાર.

સન્ ૧૯૨૧માં ગાંધીજીનના આદેશથી કોલેજનું શિક્ષણ છોડી આઝાદી સંગ્રામમાં જોડાનાર, ભારત છોડો આંદોલન (૧૯૪૨) માં જેલ ભોગવનાર તેમજ રમતગમત, નવસારીના સ્મશાનનું નિર્માણ જેવી પ્રવૃતિમાં અગ્રણી ભૂમિકા ભજવનાર ડૉ. ખંડુભાઇ દેસાઇ મુંબઇ કોલેજમાં એમ. બી. બી. એસ., ડબ્લીનમાં એલ. એમ. એન. અને વિયેનામાં ઝેડ. ઓ. એસ.ની શૈક્ષણિક લાયકાત મળેવી હતી.

# "આર્ય વૈદિક દર્શન"

આર્યવૈદિક દર્શનનું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ - ૩૮૦૦૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી ક્વાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોંધ: (૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.

(૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

બેંક ખાતાનું નામ : ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા
બેંકનું નામ : યુનીયન બેંક ઓફ ઈન્ડિયા
ખાતા નંબર : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫
IFSC : UBIN0531332

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ-તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા. Email : aryasamaj.tnk@gmail.com, gujaratsabha@gmail.com

હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી.
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में
सर्वदा उद्यत रहना चाहिए।

RNI No. Guj/Guj/2015/63289

# આર્ય વૈદિક દર્શન

સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૧૮
વિક્રમ સંવત: ૨૦૭૪
વર્ષ: ૨ (સળંગ વર્ષ ૩૬)
અંક : ૧૦, જાન્યુઆરી - ૨૦૧૭
સંપાદક: સુરેશચંદ્ર આર્ય
મોબાઈલનં.: ૯૮૨૪૦૭૨૫૦૯
સહસંપાદક: હસમુખ પરમાર
મોબાઈલનં. ૯૮૭૯૩૩૩૩૪૮
વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઈલનં. ૯૦૩૩૦૩૧૧૪૬
પ્રકાશક: ગુજ. પ્રા. આર્ય. પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય: આર્યસમાજ,
ત્રણ હાટડી, ટંકારા.
મુદ્રક: નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર,
જવાહર રોડ, રાજકોટ.
ફોન: ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક: રૂા. ૧૦૦/-
દ્વિવાર્ષિક : રૂા. ૧૭૫/-
ત્રિવાર્ષિક: રૂા. ૨૫૦/-
આજીવન: (૧૦ વર્ષ) રૂા. ૮૦૦/-
૧ પ્રત : રૂા. ૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email : gujaratsabha@gmail.com

## સ્મૃતિ વચન

एकाकी चिन्तयेन्नित्यं विविक्ते हितमात्मनः।
एकाकी चिन्तयानो हि परं श्रेयोऽधिगच्छति॥

દરરોજ એકાંતમાં બેસીને એકલા અર્થાત્ સ્વયં પોતે પોતાના આત્મામાં પોતાની કલ્યાણકારી વાતોનું ચિંતન કરે કારણ કે એકાંકી ચિંતન કરનાર વ્યક્તિ વધુમાં વધુ કલ્યાણને પ્રાપ્ત કરતો જાય છે.

- મનુસ્મૃતિ ૨૫૮ (૮૮)

## અનુક્રમણિકા


| | |
|---|---|
| આધ્યાત્મિક ચિંતન | ૪ |
| વૈદિક ઉપદેશ | ૫ |
| જિજ્ઞાસા સમાધાન | ૧૨ |
| મ. દ. રચિત ગ્રન્થ પરિચય | ૧૩ |
| અરબમાં વૈદિક ધર્મ પ્રચાર | ૧૪ |
| અંધવિશ્વાસ નિવારણ | ૧૭ |
| પિતૃ નડતર એક અજ્ઞાત ભય | ૧૮ |
| બાળ વિભાગ | ૨૦ |
| ગુજરાતનું ગતિશીલ આર્ય જગત | |
| સ્વાધ્યાય શિબિર | ૨૫ |
| પુરોહિત ચિંતન બેઠક | ૨૬ |
| આર્યસમાજ પાટણ - ગુરુકુળ સૂપા | ૨૭ |
| સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસ | ૨૮ |
| રાજ્ય સ્તરીય વકતૃત્વ સ્પર્ધા | ૩૦ |
| પં. ભૂપેન્દ્રસિંહની સૌરા. પ્રચાર યાત્રા | ૩૧ |
| આર્યસમાજ સુરેન્દ્ર નગર વાર્ષિક ઉત્સવ | ૩૧ |
| સાર્વદેશિક વીરાંગના દળ | ૩૧ |

આધ્યાત્મિક ચિંતન

# અમૂલ્ય જીવન

– આચાર્ય સત્યજિત આર્ય
અનુવાદ : પ્રવીણચંદ્ર ઠાકર

પ્રભુ કૃપાથી આ માનવ શરીર મળ્યું. પ્રગતિનો અદ્વિતીય અવસર મુક્તિ વિશે કંઇક વિચાર કરવાનો - કરવાનો એકમાત્ર અવસર. એક દુર્લભ અવસર જે ચિત્તશુદ્ધિનો અવસર પ્રદાન કરે છે, એવો અવસર જે યોગ સાધના જેવી પવિત્ર પ્રક્રિયાને - જાણવા - સમજવા - કરવાને માટે સમર્થ છે.

આ બધું જાણવા-સમજવા છતાં પણ આપણે આ દિશામાં અલ્પ પ્રયત્નશીલ છીએ. વારંવાર ભાવનાપૂર્વક પ્રયત્ન કરતાં કરતાં વારંવાર શિથિલ થઇ જઇએ છીએ. માનવ જીવનને પ્રભુ-કૃપા માનતા હોવા છતાં પણ ઈશ્વરની પ્રતિ ઓછા કૃતજ્ઞ થઇએ છીએ. પ્રભુ-કૃપાનો સ્વીકાર કરીને પણ તેની અત્યંત શુભ અને સંપૂર્ણ કલ્યાણીવાણી - ઉપદેશ પ્રત્યે ગંભીર નથી રહી શકતા. પ્રગતિનો અદ્વિતીય અવસર મેળવવા છતાં તેનાથી તે અદ્વિતીય પ્રગતિ નથી કરી શકતા, જે પરમપિતા પરમાત્મા આપણી પાસે ઇચ્છે છે. પરમપિતા પરમાત્માને આપણે પુત્રો-આત્માઓ પાસેથી એ અપેક્ષા છે કે આપણે સંપૂર્ણ દુઃખોથી મુક્ત થઇને ઈશ્વરીય નિત્યઆનંદ પ્રાપ્ત કરીએ. આ અદ્વિતીય માનવ-જીવન અદ્વિતીય ન રહેતા દ્વિતીય-તૃતીય-ચતુર્થ સ્તરનું બની ગયું છે, કેમકે આપણે દ્વિતીય-ચતુર્થ-ચતુર્થ કે તેનાથી પણ નીચલા સ્તરના કાર્યો-લક્ષ્યોને ધ્યાનમાં રાખીને જીવન વ્યતીત કરીએ છીએ.

પ્રભુ કૃપાથી મુક્તિને માટે મળેલ આ એક માત્ર અવસર માનવ-જીવનને આપણે એકમાત્ર મુક્તિને ન વિચારી અન્ય સામાન્ય આ એક માત્ર અવસર પ્રયોજનોને માટે ઉપયોગ કરી રહ્યા છીએ. આ દુર્લભ અવસર ચિત્ત-શુદ્ધિ માટે ન કરતા ચિત્ત-વિકૃતિને માટે ઉપયોગમાં લઇ રહ્યાં છીએ. લૌકિક વ્યવહારોમાં આસક્ત બનીને આપણે અજાણતા જ ચિત્તને અત્યધિક અશુદ્ધ કરી રહ્યાં છીએ. થોડી ઘણી કરવામાં આવતી શુદ્ધિની શું સાર્થકતા બચે છે, જ્યારે આપણે તેનાથી ખૂબ વધારે અશુદ્ધિ ભેગી કરતાં જઇએ છીએ.

પ્રભુ કૃપાથી યોગ સાધના પ્રત્યે શ્રદ્ધા અને સન્માનનો ભાવ રાખવા છતાં, તેને શ્રેષ્ઠ માનવા છતાં, તેને સુખ-શાંતિ-ધૈર્ય-સંતોષ-તનાવ રહિત અવસ્થાની પ્રાપ્તિનો ઉપાય માનવા છતાં તેની ઉપેક્ષા કરીએ છીએ. દિન-ભરમાં મળતા સમયમાંથી અત્યંત અલ્પ સમય યોગ-સાધનાને માટે આપીએ છીએ.

પ્રભુ કૃપાથી આપણે આ દિશા તરફ થોડો વિચાર કરવાનો પ્રારંભ કરી દઇએ, તો જીવનમાં પવિત્રતા-શાંતિ-સંતોષનું અવતરણ થવું નિશ્ચિત છે. અઘરી લાગતી યોગ સાધના જીવનમાં ઉતરવા લાગે છે. પ્રભુનો દેખાડેલ માર્ગ અચૂક છે, અપવાદ રહિત છે, પરમ કલ્યાણકારક છે.

વૈદિક ઉપદેશ



# વીર્યરક્ષા

- આચાર્ય અભયદેવ વિદ્યાલંકાર ○ અનુવાદક : વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર

બ્રહ્મચારી સમિધા મેખલયા શ્રમેણ
લોકાંસ્તપસા પિપર્તિ ।।

- અથર્વવેદ ૧૧/૫/૮

હવે આપણે પ્રલોભનને જીતવાનું શીખી ગયા છીએ. એને લીધે આપણને ઘણું બળ મળશે. આવો, નવા બળને પ્રાપ્ત કરીને આ વખતે બ્રહ્મચર્યના મહાન ગુણને પોતાનામાં ધારણ કરવાનો પ્રયત્ન કરીએ. ઋષિ દયાનંદના જીવનથી બ્રહ્મચર્યનું સૌથી વધારે શિક્ષણ મળે છે. ઋષિ દયાનંદમાં બ્રહ્મચર્યની મહિમા એવી રીતે પ્રકટ થઇ છે કે તેમની બ્રહ્મચર્યીન શક્તિ જ તેમને બીજા સુધારકોથી જુદા પાડે છે. બ્રહ્મચર્યનો અર્થ છે - વીર્યનું રક્ષણ. બ્રહ્મચર્યનો ખરો અર્થ એનાથી વધારે વિસ્તૃત છે. પરંતુ હજી આપણે એનો અર્થ વીર્યનું રક્ષણ, એ જ મુખ્ય અર્થ લઇને આગળ વધીશું. વીર્યનું રક્ષણ કરવું એ જ ઘણું મુશ્કેલ કામ છે. પરંતુ એનું મહત્વ અને લાભ એટલા જ વધારે છે. વીર્ય તે વસ્તુ છે કે જે સંપૂર્ણ શરીરનો સાર છે. તેજનો સાર છે. વીર્યના એક કણમાં ઘણા જીવનોને ભંડાર છે. જો એનું શરીરમાં રક્ષણ કરવામાં આવે તો આપણામાં કેટલી જીવન-શક્તિ ભેગી થઇ શકે છે. સ્વામી દયાનંદે જગતમાં આવીને જો આટલું બધુ મહાન કાર્ય કર્યુ, અજ્ઞાનને દૂર કર્યુ, ઘણા જીવનોમાં પરિવર્તન લાવી દીધું, સત્યનો ડંકો વગાડયો અને પોતાના જમાનાને જ બદલી નાખ્યો. એનું જો કોઇ ભૌતિક કારણ શોધવામાં આવે તો તે તેમના શરીરમાં રક્ષણ પામેલું વીર્ય હતું. શુ આપણે આર્યસમાજીઓને ઇચ્છા થતી નથી કે આપણે પણ વીર્યનુ રક્ષણ કરીએ ? જેને એવી ઇચ્છા થતી હશે તે તો પોતાની આ અનમોલ સંપત્તિનું રક્ષણ કરવા માટે મહાન પ્રયત્ન અને બધી જાતીનું પરિશ્રમ કરવા માટે એકદમ ઉદ્યત થઇ જશે. તમે પૂછશો કે અને વીર્યનું રક્ષણ કેવી રીતે કરીએ ? આ તો ઘણું અઘરુ કામ છે. ખરેખર આ અઘરુ કામ છે, પરંતુ એના ઉપાયો પણ છે જ. અને જે સૌભાગ્યશાળી મનુષ્યને વીર્યના રક્ષણની ઉત્કટ ઇચ્છા થઇ છે તે લોકો તે ઉપાયો ગમે ત્યાંથી મેળવી પણ લેશે. વીર્યનારક્ષણની ઇચ્છા રાખનારાઓએ ચિંતા કરવાની કોઇ જરૂર નથી. ખાસ કરીને જ્યારે તેણે પ્રલોભનોને જીતવાનો અભ્યાસકરી લીધો છે. વીર્યના રક્ષણ માટે આહાર, વિહાર, વ્યાયામ વગેરે કેવાં હોવા જોઇએ અને મનની અવસ્થા કેવી રાખવી જોઇએ, વગેરે વિષયને આપણે આ લેખમાં જોઇ શકીશું નહિ. આ વાતોની બાબતમાં બ્રહ્મચર્યના વિષયમાં વિસ્તારથી લખેલાં પુસ્તકોમાં સ્વાધ્યાય કરવો જોઇએ. પરંતુ અહીં બ્રહ્મચર્યના તે એક સાધન વિષે આપણે વિચાર કરીશું જે મારી સમજ પ્રમાણે મૌલિક સાધન છે. આ સાધન સ્વભાવિક છે. તેથી પ્રબળ છે, જોરદાર છે. આ સાધન મળી

જવાથી સ્વભાવથી વીર્યનું રક્ષણ થાય છે અને અવશ્ય થાય છે. હું અહીં એ પણ કહી દેવા માંગું છું કે આ સાધનથી સંપન્ન થવાને લીધે જ સ્વામી દયાનંદ અખંડ બ્રહ્મચારી રહ્યા હતા. આ સાધન એક વાક્યમાં આ પ્રમાણે છે -"વીર્યને કોઇપણ શક્તિના રૂપમાં બદલી નાખવું." એવું કર્યા વગર વીર્યને સંભાળવાનું અઘરું છે. જ્યાં સુધી આપણે વીર્યને શક્તિના રૂપમાં લઇ જતા નથી, ત્યાં સુધી વીર્યના નાશ થવાની પૂરેપૂરી સંભાવના છે. તેથી વીર્યને વીર્યના રૂપમાં ન રહેવા દઇને તેને શક્તિનું રૂપ આપી દેવું, એ જ વીર્યના રક્ષણનો મૌલિક ઉપાય છે. વીર્યને શક્તિના રૂપમાં ક્યા ઉપાયોથી બદલી નાખીએ, એ જ વિચાર આ મહિનાના વેદમંત્ર દ્વારા અહીં કરીશું. અથર્વવેદનું "બ્રહ્મચર્ય સૂક્ત" પ્રખ્યાત છે. તેમાં બ્રહ્મચર્યના વિષયમાં ઉત્તમ અને મહાન ઉપદેશો છે. પરંતુ તે સુક્તમાંથી હું એક મંત્રના પાછલા ભાગને જ રજુ કરું છું. તેનાથી જ ઉપદેશ ગ્રહણ કરવો આપણા માટે પર્યાપ્ત થશે. તે મંત્ર આ છે -

ब्रह्मचारी समिधा मेखलया श्रमेण लोकांस्तपसा पिपर्ति॥ अुथर्व०११/५/८

આ મંત્રમાં કહ્યું છે - "બ્રહ્મચારી લોકાન્ પિપર્તિ" - બ્રહ્મચારી લોકોને પૂર્ણ કરે છે, અને પાલિત કેવી રીતે કરે છે ? - "સમિધા, મેખલયા, શ્રમેણ તપસા" - સમિધાથી, મેખલાથી, શ્રમથી, તપથી - આ ચાર સાધનોથી.

આ ચારે વીર્યના રક્ષણનાં સાધનો પણ છે. કારણ કે આ ચારે જ વીર્યને શક્તિના રૂપમાં બદલવા માટેના ઉપાય છે. એમાંથી પહેલો ઉપાય છે "સમિધ્". સમિધ્નો અર્થ છે સારી રીતે દીપ્ત થવું - સમ્+ઇન્ધ્. હોમ-હવનમાં લાકડાંને પણ સમિધ કહે છે. તે એટલા માટે જ કહે છે કારણ કે તે દીપ્ત હોય છે. આર્યોમાં જૂની પ્રથા પ્રમાણે શિષ્ય ગુરુની પાસે સમિધા લઇને જતો હતો. તેનો આશય એ છે કે જાણે ગુરુ અગ્નિરૂપ છે અને શિષ્ય પોતાની જાતને સમિધા બનાવે છે. અને ઇચ્છા કરે છે કે મને તમે એવી રીતે જ દીપ્ત બનાવી દો કે અગ્નિમાં સમિધા નાખવાથી તે સમિધા પણ અગ્નિની જેમ દીપ્ત બની જાય છે. આ રીતે જો તમે વિચાર કરશો તો તમે સમજી જશો કે અહિં સમિધ્નો અર્થ "પોતાની જાતને જ્ઞાનરૂપી અગ્નિથી દીપ્ત કરવાનો" છે. પોતાને જ્ઞાનથી દીપ્ત કરવાથી અમારા વીર્યનો ઉપયોગ જ્ઞાન બનાવવામાં ખેંચાશે અને એવી રીતે વીર્યનું રક્ષણ થશે. આ સમિધ્ની વાતને જો પૂરી રીતે સમજવા ઇચ્છો તો તમે તમારી સામે દીપકનું દૃશ્ય ઉપસ્થિત કરો. સ્વામી રામતીર્થે પોતાના પ્રખ્યાત "બ્રહ્મચર્ય" ના વ્યાખ્યનમાં આ ઘણી ઉત્તમ ઉપમાં આપી છે. આ દાખલો મને ત્યારથી જ યાદ છે. તમારામાંથી દરેકે દીપક જોયેલ છે. તેમાં તેલ હોય છે, વાટ હોય છે અને ઉપરથી તે બળે છે, પ્રકાશિત થાય છે. અર્થાત્ તેલ ઉપર જઇને પ્રકાશના રૂપમાં બદલાઇ જાય

છે.પ્રકાશ બની જાય છે. તમે સમજી ગયા હશો કે તેલની જગ્યાએ આપણા શરીરમાં વીર્ય છે. જો આપણે આપણી જાતને ઉપરથી સળગાવીએ, પોતાની જાતને દીપ્ત કરીએ તો આપણું વીર્ય પણ ઉપર ચઢીને જ્ઞાનના નિર્માણમાં ખર્ચાયા કરશે. આપણા માથામાં પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. તે જ જ્ઞાનના કેન્દ્રનો વિભાગ છે. લોકોના હિસાબે માથું આપણું દ્યુલોક છે. આ જ માથાને આપણે દીપ્ત કરવાનો છે, સળગાવવાનો છે. એની દીપ્તિ જ્ઞાનથી થાય છે. જ્યારે આપણું માથું જ્ઞાનથી સળગવા લાગશે, ત્યારે આપણું વીર્ય પોતે જ ત્યાં ચઢશે અને જ્ઞાનરૂપી પ્રકાશમાં બદલાયા કરશે. આ પ્રસંગમાં પાઠકો "ઊર્ધ્વરિતા" થવાનો ભાવ પણ સમજી ગયા હશે. જે યોગી મહાત્માઓ હોય છે તેમનું માથું દ્યુલોકની જેમ દેદીપ્યમાન હોય છે. તે માથામાં પ્રાણ ભરીને સમાધિ કરે છે અને "ઋતંભરા" જેની ઉચ્ચ જ્ઞાન-પ્રકાશની અવસ્થા પ્રાપ્ત કરે છે. તેથી તેમનું વીર્ય ઊર્ધ્વગામી થઇ જ્ઞાનરૂપી પ્રકાશ માટે બળતણ બન્યા કરે છે. આપણે સાધારણ મનુષ્યો જે સમાધિ પ્રાપ્ત કરી શકતા નથી, તો આપણે બીજી રીતે મગજને કામ આપવું પડશે. ખૂબ મનન કરવું જોઇએ, ગંભીર વિચારો કરવા જોઇએ, મગજ પાસે ઘણું કામ લેવું જોઇએ. એવી રીતે આપણું વીર્ય પણ ઘણાં પ્રમાણમાં જ્ઞાનરૂપી અગ્નિનું ઇંધણ બની શકે છે અને વીર્યનું રક્ષણ થઇ શકે છે.

આપણે એ યાદ રાખવું જોઇએ કે દરેક વસ્તુની જેમ વીર્યની પણ બે ગતિ થઇ શકે છે. એક ઊર્ધ્વગતિ અને બીજી અધોગતિ. જે લોકો વીર્ય જેવી પરમ પવિત્ર જીવન ભંડાર જેવી વસ્તુની અધોગતિ કરે છે, તેમની અધોગતિ જ થાય છે અને જે મનુષ્યો પોતાની અંદર એની ઊર્ધ્વગતિ કરે છે તે સ્વાભાવિક રીતે ઊર્ધ્વગતિ - ઉન્નતિ પ્રાપ્ત કરે છે; જેટલા પ્રમાણમાં ઊર્ધ્વગતિ કરે છે તેટલી જ માત્રામાં ઉન્નતિ પ્રાપ્ત કરે છે. તેથી પોતાને જ્ઞાનથી દીપ્ત બનાવીને પૂરેપૂરા પ્રયત્નથી બને ત્યાં સુધી આપણે વીર્યની ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરવી જોઇએ. આવી રીતે "સમિધા" દ્વારા આપણે મૂળભૂત રીતે વીર્યનું રક્ષણ કરીએ છીએ. વેદે આપણને આ પહેલો ઉપાય બતાવ્યો છે.

બીજો ઉપાય છે - મેખલા. મેખલાને હિન્દીમાં "તગડી" કહે છે. સ્મૃતિ ગ્રંથો પ્રમાણે બ્રહ્મચારી માટે કેડમાં મેખલા બાંધવાનું વિધાન છે. એનું ખરું કારણ શું છે તે હું બરાબર જાણતો નથી. એવું સાંભળવામાં આવે છે કે એ વીર્યના રક્ષણમાં સહાયક છે. પરંતુ એનાથી એક બીજો ભાવ સમજમાં આવે છે. તે છે કટિબદ્ધતાનો ભાવ. બ્રહ્મચારીએ કટિબદ્ધ રહેવું જોઇએ, હંમેશા ચુસ્ત (સ્ફૂર્તિમાં) રહેવું જોઇએ, સાવચેત રહેવુ જોઇએ, કોણ જાણે ક્યારે શું કરવું પડે. એવી રીતે બ્રહ્મચારીએ કર્તવ્ય માટે તૈયાર , કમર કસીને તૈયાર રહેવું જોઇએ. તેણે હંમેશા જાગૃત રહેવુ જોઇએ, સૂતો હોય ત્યારે પણ જાગૃત રહેવું જોઇએ. કદી પણ

પ્રમાદી - આળસુ ન રહેવું જોઇએ. કટિબદ્ધતાથી ઊંધુ છે આળસ, ઢીલાપણું. મનુષ્ય જ્યારે આળસુ થાય છે, ઢીલો થઇને પડી રહે છે ત્યારે તેના વીર્યનાશની સદા સંભાવના રહે છે. સૂતેલાનું જ વીર્યનાશ પામે છે. એનાથી વિપરીત મનુષ્ય જ્યારે સદા કર્તવ્ય કરવા માટે તૈયાર રહે છે ત્યારે એ કાર્યમાં જે શક્તિનો ખર્ચ થાય છે, તેને શરીરમાં રહેલ વીર્ય પરિપૂર્ણ કરે છે. અર્થાત્ વીર્ય આ શક્તિમાં બદલાયા કરે છે. આ વીર્ય રક્ષણનું બીજું સાધન છે. વીર્ય શક્તિમાં બદલવા માટેની વાત પ્રારંભમાં કહેવામાં આવી છે. તેથી તેની વિસ્તૃત વ્યાખ્યાની જરૂર નથી.

ત્રીજું સાધન છે શ્રમ, પરિશ્રમ, મહેનત. એ ચોખ્ખી વાત છે કે કામ કરવાથી વીર્યનું રક્ષણ થાય છે અને શ્રમથી વિપરીત આરામની ઇચ્છાથી વીર્ય નાશ થાય છે. તેથી બ્રહ્મચર્યની ઇચ્છા રાખનારાઓએ સદા શ્રમ કરવો જોઇએ. શારીરિક શ્રમ, વ્યાયામથી વીર્ય શરીરમાં ભળે છે, પચે છે અને મહેનતના બીજા કાર્યો કરવાથી વીર્ય શક્તિના રૂપમાં ખર્ચાય છે. તેથી આપણે જીવનમાં શ્રમનો આનંદથી સ્વીકાર કરવો જોઇએ.

એના પછી ચોથું સાધન તપ છે. આ એક રીતે બધા કરતાં મુખ્ય છે. બ્રહ્મચર્ય સૂક્તમાં તપનું વર્ણન વારંવાર આવે છે. દ્વન્દ્વોને સહન કરવાનું નામ તપ છે. પોતાના કર્તવ્ય માત્રમાં જે કષ્ટ આવે તેને સહન કરવાં એ તપ છે. બ્રહ્મચારીએ આ કામ નિરંતર કરવાનું છે. ટાઢ અને ગરમી, ભૂખ-પ્યાસ, સહન કરવાની તેને ટેવ હોવી જોઇએ. આવી રીતે બીજા જુદી જુદી જાતનાં દ્વન્દ્વો છે, મનુષ્યએ દ્વન્દ્વોને સહન કરશે તેટલા પ્રમાણમાં તે વીર્યરક્ષક થશે. દાખલા તરીકે આપણે ગરમી-ઠંડીને સહન કરીએ. ટાઢને કપડાં દ્વારા સહન કરવાનું છોડીને ધીમે ધીમે એવી ટેવ પાડીએ કે પોતાના વીર્યથી બનતી શરીરની સહન શક્તિ દ્વારા જ ટાઢને સહન કરી શકીએ અને ગરમીને પણ બહારના સાધનોથી સહન ન કરીને આ જ સહન શક્તિથી સહન કરવાની ટેવ પાડીએ. આપણા વીર્યનું રક્ષણ થશે. આવીરીતે વીર્યનો ઉત્તમ રીતે ઉપયોગ થશે. આશા છે વાચકો અહીં સુધીના વિવેચનથી આ ચારે ઉપાયોનો વીર્યના રક્ષણમાં સાધન તરીકે પ્રયોગ સારી રીતે સમજી ગયા હશે.

કદાચ કોઇ પૂછે કે અમે તપ, શ્રમ વગેરે અઘરા સાધનોથી જ શા માટે વીર્યનું રક્ષણ કરીએ ? હું એ પ્રશ્રનો અર્થ સમજું છું. તે પ્રશ્ર બરાબર છે. કોઇપણ લક્ષ્ય ઉદ્દેશ્ય વગર વીર્યનું રક્ષણ પણ કરી શકાતું નથી. જેના જીવનમાં કોઇ લક્ષ્ય નથી, તે શા માટે બ્રહ્મચર્ય પાળે ? તેથી સૌથી મોટી વાત તો એ છે કે આપણું કોઇપણ લક્ષ્ય હોવું જોઇએ. આ મંત્રમાં આ લક્ષ્ય "લોકોનું પાલન-પૂરણ" કહ્યું છે. ખરી રીતે દરેક મનુષ્યનો ઉદ્દેશ્ય પોતાના લોકોને પૂર્ણ કરવા અને લોકસંગ્રહ કરવાનું જ છે અને એને માટે તેણે બ્રહ્મચર્ય પાળવું જોઇએ. પરંતુ સામાન્ય રીતે

કોઇને કોઇ ઉદ્દેશ્ય (લક્ષ્ય) હોવો પણ પર્યાપ્ત છે. જેણે પોતાના જીવનનો નાનો પણ ઉદ્દેશ્ય બનાવેલ છે, તે તે ઉદ્દેશ્ય માટે જ્ઞાન દીપ્તિ પ્રાપ્ત કરશે, તેને માટે સદા કટિબદ્ધ રહશે, સદા શ્રમ કરશે અને તપ કરશે. તેથી વીર્યનું રક્ષણ પણ થશે. જેનો જેટલો ભારે કે ઉત્તમ ઉદ્દેશ્ય હશે, તેને માટે વીર્યનું રક્ષણ કરવું એટલું જ સહેલું હશે. ઋષિ દયાનંદ તો એક મહાન લક્ષ્ય લઇને સંસારમાં આવ્યા હતા. તે ખરેખર લોકોના પાલન અને પૂરણ (પોષણ) કરવા માટે જ જન્મ્યા હતા. તેમને વિષયો તરફ જોવાની ફુરસદ પણ હતી નહિ. તેથી જ તેમણે પોતાને જ્ઞાનથી સંદીપ્ત કર્યા અને આખી ઉંમર કર્તવ્ય માટે કટિબદ્ધ રહ્યા. તે આખા જીવનમાં શ્રમ કરતા રહ્યા અને તેમણે બાળપણમાં જેટલા તપ કર્યા અને કષ્ટો સહન કર્યા, સંસારમાં આટલાં દુ:ખ સહન કરનારા વીરલા જ હોય છે. તેથી તે અખંડ બ્રહ્મચારી રહ્યા.

તમે પૂછશો કે અમે શું કરીએ? અમે તો દયાનંદ જેવા મહાપુરુષ નથી. અમે સંસારમાં કોઇ સંદેશ લઇને આવ્યા નથી. હું કહીશ કે તમે દયાનંદના શિષ્ય છો એ જ વાત પૂરતી છે. દરેક આર્યસમાજી એ ગર્વ કરી શકે છે કે હું આદિત્ય બ્રહ્મચારી સ્વામી દયાનંદનો શિષ્ય છું. દયાનંદ અમારા માટે અખંડ બ્રહ્મચારી રહ્યા. આર્યસમાજ જ તેમનો પુત્ર કહી શકાય છે. જો આપણે પોતાને દયાનંદના શિષ્ય ન માનીને કેવળ પોતાને દયાનંદનો અનુયાયી માનીએ તો પણ આપણે આપણા ઉપર મોટા ઋણનો ભાર પોતાના ખભા ઉપર અનુભવ કરીશું. શું એ ઋણ (દેવા) માંથી મુક્ત થવાનું આપણું કર્તવ્ય નથી? શું એને માટે બ્રહ્મચર્યની જરૂર નથી? તમારામાંથી ઘણા ભાઇઓ ગૃહસ્થાશ્રમમાં હશો. એટલે વૈદિક વિધિ પ્રમાણે સંતાન ઉત્પન્ન કરવાનું તમારું કર્તવ્ય અવશ્ય છે, પરંતુ આ પિતૃ-ઋણને ઉતારવા સિવાય બીજા કોઇ કાર્યમાં પોતાના વીર્યને વાપરવું પોતાના ગુરુને કલંકિત કરવા જેવું છે. તમારે ઋષિ-ઋણ ઉતારવા માટે ગૃહસ્થ ધર્મનું પાલન કરવા છતાં બ્રહ્મચારી રહેવું જોઇએ. શું તમે નક્કી કરશો કે અમે દયાનંદના અનુયાયી, ઋતુગામી થવા સિવાય સદા વૈદિક ધર્મ માટે બ્રહ્મચારી રહીશું? આવો, આજે આપણે ઋષિ દયાનંદની બ્રહ્મચર્યમયી, ચળકતી, ગુરુમૂર્તિને પોતપોતાના મનમાં સારી રીતે બેસાડીને તેની સામે પ્રતિજ્ઞા કરીએ કે - "હું તમારો શિષ્ય બ્રહ્મચારી રહીશ." તેમની બ્રહ્મચર્યમયી માનસમૂર્તિનું વારંવાર ધ્યાન કરીને એને પોતાનામાં એટલે સુધી સમાવી દઇએ કે જ્યારે પણ આપણી આગળ આ પ્રતિજ્ઞા તોડવાના પ્રલોભનો આવે, તો તેનાથી પણ હજારગણી તીવ્રતાથી આપણી આગળ આપણા ગુરુની મૂર્તિ આવીને હાજર થઇ જાય, અને તે આપણને ના પાડે, તેમની મન્યુ (યોગ્ય ક્રોધ) થી ભરેલી આંખો આપણી તરફ ઘુરકિયા કરતી દેખાય અને આપણને તે ગંભીર અવાજ સંભળાય કે આ વીર્ય ઉપર તારો

અધિકાર નથી, એના ઉપર વૈદિક ધર્મનો અધિકાર છે. તેથી હું કહું છું કે જો તમે દયાનંદ નથી તો બ્રહ્મચારી
દયાનંદ નથી તો બ્રહ્મચારી દયાનંદના શિષ્ય તો છો જ! વૈદિક ધર્મની ફરીથી સ્થાપના કરનાર ગુરુના અનુયાયી તો છો ને! આ અનુભવ તમને એવી સ્ફૂર્તિ આપશે, જેથી તમારા માટે વીર્યનું રક્ષણ સહેલું બની જશે, અને વીર્યનો નાશ કરવાનું અસંભવ બની જશે.

જો આર્યસમાજના સભ્યો પિતૃ-ઋણ ઉતારવા સદા બ્રહ્મચારી રહે, તો આર્યસમાજમાં જે આજે શક્તિ છે, તેનાથી હજારગણી શક્તિ આવી જશે. આ વાતમાં મને જરા પણ શંકા નથી.

## બ્રહ્મચર્ય પાછળ દીવાના બનેલા પ્રત્યે

જે મનુષ્ય બ્રહ્મચર્યની પાછળ દીવાનો બન્યો નથી, મારી સમજ પ્રમાણે તેણે બ્રહ્મચર્યને પૂર્ણરૂપમાં જોયું નથી અને સમજ્યો પણ નથી. બ્રહ્મચર્ય એવી મનમોહિની વસ્તુ છે. છતાં પણ આજે સંસારમાં બ્રહ્મચર્યના દીવાના ઘણાં ઓછા છે. ભોગવાદનો શિકાર આ વર્તમાન જગત કોઇ સમયે સંયમની કંઇને કંઇ વાત બ્રહ્મચર્યની જરૂર સમજે છે. તેને માટે થોડો પ્રયત્ન પણ કરે છે. પરંતુ તે ખરી રીતે ભોગથી એટલો બધો જીર્ણશીર્ણ થઇ ગયો છે કે તેનામાં બ્રહ્મચર્યની જાજ્વલ્ય-માન વિભૂતિને, પૂર્ણ બ્રહ્મચર્યના સૂર્યને એક ક્ષણ માટે જોઇ શકવાની શકિત પણ રહી નથી. તો જો આપણે સંસારના વર્તમાન જીવોની અંદર બ્રહ્મચર્યના "મહાવ્રત" માટે તડપ ન જોવામાં આવે તો એમાં શી નવાઇ છે? પરંતુ જગતમાં આજે બ્રહ્મચર્યના જ ગીતો ગાવાનાં છે. સંસારને એ જ સંદેશ આપવાનો છે, તે એ જ ગાઇ શકે છે, એ જ સંભળાવી શકે છે, કોઇ સાંભળે કે ન સાંભળે.

એનું કારણ સ્પષ્ટ છે. સંસારને આજે બ્રહ્મચર્યની જરૂર હતી. તેથી જ પ્રકૃતિ માતાએ આ યુગમાં દયાનંદ નામથી એક મહાન બ્રહ્મચારીને જન્મ આપ્યો. તેથી તે દયાનંદના આર્યસમાજોની જો સંસારને કોઇપણ સંદેશ હોઇ શકે છે તો તે એક શબ્દમાં "બ્રહ્મચર્ય" જ હોઇ શકે છે.

જ્યારે હું ગુરુકુળમાં બાળક હતો તો પોતાના ધોરણના અમે કેટલાંક સહપાઠીઓ પરસ્પર વિચાર કરતા હતાં કે - અમે ઋષિ દયાનંદની જેમ બ્રહ્મચારી બનીશું. આ ગુરુકુળના વાયુમંડળનો પ્રભાવ હતો. પરંતુ બ્રહ્મચર્યનો અર્થ શું છે, તે અમે સમજતા ન હતા. જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ બ્રહ્મચર્યની મહિમાની સાથે સાથે તેની મુશ્કેલીઓ પણ સમજતા ગયા. પરંતુ કોલેજ વિભાગમાં પહોંચીને જ્યારે મેં વેદનું આ "બ્રહ્મચર્ય સૂક્ત" વાંચ્યું અને મનન કર્યુ તો બ્રહ્મચર્ય સંબંધી વિચારોમાં વધારે શાંતિ મળી. જે ઉદાત્ત અને વ્યાપક બ્રહ્મચર્યનું વર્ણન મેં એમાં જોયું, તો મારી આંખો ઊઘડી ગઇ. બ્રહ્મચર્યના ઉદ્દેશ્યને સામે

રાખીને ચાલવાનો એક ચોખ્ખો માર્ગ મને મળી ગયો. આ સૂક્તના અધ્યયનથી જે સૌથી મોટો પ્રભાવ મારા ઉપર પડયો તે એ હતો કે દુનિયામાં હું જે સાંભળ્યા કરતો હતો કે સર્વથા અખંડ બ્રહ્મચર્ય અસંભવ છે, તે મારો ભ્રમ દૂર થઇ ગયો. ત્યારથી હું કેવળ એ જોવા લાગ્યો કે પૂર્ણ બ્રહ્મચર્ય સંભવ છે. પરંતુ એ પણ અનુભવ કર્યો કે બ્રહ્મચર્ય જ સ્વાભાવીક છે, પ્રાકૃતિક છે. આપણે પોતાની ઉચ્ચ પ્રકૃતિથી જોઇએ તો એ જ પ્રાકૃતિક છે. હું એટલે સુધી કહેવા તૈયાર છું કે જેવી રીતે સામાન્ય લોકો આંખના ઉઘાડ-બંધ થવાને સ્વાભાવિક માને છે. પરંતુ આશ્ચર્ય વગેરેની અવસ્થાના દાખલાથી જાણી શકે છે કે એક એવી અવસ્થા પણ આવે છે કે જ્યારે એક તત્વને જોઇ લીધા પછી સ્વાભાવિક રીતે આંખનું ઉઘડવું-બંધ થઇ જાય છે. એની જરૂર જ રહેતી નથી. મનુષ્ય ત્યારે 'અનિમેષ' અથવા 'દેવ' બની જાય છે. એવી રીતે જ પોતાના ઉચ્ચ સ્વરૂપને જોયા પછી નિર્વિકાર અવસ્થા જ સ્વાભાવિક બની જાય છે, વિકારનું કોઇ કામ રહેતું જ નથી.

આજે છાપખાનાઓમાં કાગળોને જે કાળા કરવામાં આવે છે (સાહિત્ય છપાય છે) તેમાં કેટલો મોટો ભાગ બ્રહ્મચર્યને ઘાતક, પતન કરનાર સાહિત્ય ભરેલું હોય છે. તો શતાબ્દિ ઉપર પ્રકટ થનાર 'વૈદિક ઉપદેશ માળા' પુસ્તકમાં બ્રહ્મચર્યના રક્ષણની પ્રેરણા હોય, ફરી ફરી પ્રેરણા આપવામાં આવે તો શું ખોટું થઇ જશે. જો કંઇ લાભ ન થાય તો ? મારા મત પ્રમાણે બ્રહ્મચર્યની આ ચર્ચા નીરસ પણ નથી. જ્યારે લેખકને એમાં રસ પડે છે, તેથી જ એ ચર્ચા કરે છે, તો બીજા પણ એના સાથીઓ મળી જશે, જેમને એમાં રસ પડશે. હું તો સ્વીકાર કરી લઉં છું કે બ્રહ્મચર્યની પાછળ દીવાનો છું, કારણ કે બ્રહ્મચર્યનો ચળકતો સૂર્ય મને અત્યંત પ્રિય અને આકર્ષક લાગે છે; અને તેનાથી હું પોતાની જાતને ઘણી દૂર જોઉં છું. જ્યારે હું તેની પાસે પહોંચી જઇશ ત્યારે હું કદાચ બ્રહ્મચર્યનો દીવાનો ન રહીને બ્રહ્મચર્યનો ભક્ત બની જઇશ, ઉપાસક બની જઇશ. તેથી મારા થકી કરેલી આ બ્રહ્મચર્ય-ચર્ચામાં તે જ રસ લઇ શકશે, જે મારા જેવા બ્રહ્મચર્ય-જીવનના જિજ્ઞાસુઓ છે. તેથી સ્પષ્ટ છે કે હવે પછી આવનાર બ્રહ્મચર્યના રક્ષણ વિષયના વચનો, તે ભાઇ-બહેનો પ્રત્યે છે જે બ્રહ્મચર્યના દીવાના છે, જે અખંડ બ્રહ્મચર્યમાં વિશ્વાસ રાખે છે, શ્રદ્ધા રાખે છે અને જે પૂર્ણ બ્રહ્મચર્યમાં જ પોતાના આત્માનો પરમ વિકાસ અનુભવ કરે છે.

અનુસંધાન પાના નં. ૩૧ પરનું ચાલુ...

## સાર્વદેશિક વીરાંગના દળ

આ સંમેલનમાં ગુજરાતના શિક્ષિકા તરીકે જામનગરથી પૂર્વીબેને ભાગ લીધો હતો.

આર્યસમાજ બી-બ્લોક, જનકપુરી, નવી દિલ્લી ખાતે યોજાયેલ સંમેલનમાં આર્યવીરાંગના દળને રાષ્ટ્રવ્યાપી અને સુદઢ બનાવવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. સાર્વદેશિક આર્યવીરાંગના દળના પ્રધાન સંચાલિકા સાધ્વી ઉત્તમાયતિજીએ પ્રેરક ઉદ્‌બોધન કર્યુ હતું.

# જિજ્ઞાસા - સમાધાન

- આચાર્ય સોમદેવ આર્ય

**જિજ્ઞાસા:** **યજુર્વેદ માટે શુકલ યજુર્વેદ અને કૃષ્ણ યજુર્વેદ એવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે, આ અંગે સ્પષ્ટતા કરવા વિનંતી.**

-રુદ્રશાસ્ત્રી, ગોલમા ગામ, પો. જિ. ઉદાલપુરી-આસામ

**સમાધાન:** ચાર વેદમાં યજુર્વેદ બે પ્રકારના મળે છે. શુક્લ યજુર્વેદ અને કૃષ્ણ યજુર્વેદ. આ બે નામોનું કારણ એ છે કે શુક્લ યજુર્વેદમાં માત્ર મંત્ર ભાગ છે. એટલે કે એમાં મૂળ મંત્ર હોવાથી શુક્લ (શુદ્ધ) વેદ કહેવાય છે. કૃષ્ણ યજુર્વેદ વિનિયોગ, મંત્રોની વ્યાખ્યા વગેરેથી મિશ્રિત હોવાથી કૃષ્ણ યજુર્વેદ કહેવાય છે. મુખ્ય રીતે આ જ બે કારણોને લીધે શુક્લ અને કૃષ્ણ કહેવાય છે.

શુક્લ યજુર્વેદની બે શાખાઓ વર્તમાનમાં મળે છે, વાજસનયિ માધ્યન્દિન સંહિતા અને કર્ણ સહિતા. બંનેમાં ચાલીસ અધ્યાય છે, કાણ્વ સંહિતાનો ચાલીસમો અધ્યાય ઇશોપનિષદ્ તરીકે પ્રખ્યાત છે. કૃષ્ણ યજુર્વેદની ચાર સંહિતાઓ મળે છે. તૈત્તરીય, મૈત્રાયણી, કાઠક અને કઠ કપિષ્ટલ શાખા.

મહર્ષિ દયાનંદજી મૂળવેદ શુક્લ યજુર્વેદની માધ્યન્દિન શાખાને સ્વીકારેલ છે. અને તેનું જ ભાષ્ય કરેલ છે.

વેદોની કુંલ ૧૧૨૭ શાખાઓ હોવાનું પ્રમાણ પાતંજલ મહાભાષ્યમાં મળે છે, તેમાં લખ્યું છે કે - એકવીસ શાખા ઋગ્વેદની, એકસો એક શાખા યજુર્વેદની, એક હજાર શાખા સામવેદની અને નવ શાખા અથર્વવેદની.

યજુર્વેદની એકસો એક શાખામાંથી છ શાખાઓ મળે છે, જે ઉપર જણાવેલ છે, શુક્લ યજુર્વેદનો બ્રાહ્મણ શતપથબ્રાહ્મણ છે, જેના રચયિતા મહર્ષિ યાજ્ઞવલ્કય છે. કૃષ્ણ યજુર્વેદનો બ્રાહ્મણ તૈતરીય બ્રાહ્મણ છે, જેની રચના તિત્તિર આચાર્યએ કરી છે. શુક્લ યજુર્વેદનો શ્રૌતસૂત્ર કાત્યાયન કૃત છે. જેને કાત્યાયન શ્રોતસૂત્ર કહેવાય છે. કૃષ્ણ યજુર્વેદના આઠ શ્રૌત સૂત્ર છે- ૧. બૌદ્ધાયન, ૨. આસ્તમ્બ, ૩. સત્યષાઢ, કે હિરણકેશી, ૪. વૈશાસન, ૫. ભારદ્વાજ, ૬. વાધૂલ, ૭. વારાહ, ૮. માનવ શ્રૌતસૂત્ર

યજુર્વેદના પ્રતિપધિ વિષય અંગે મહર્ષિ દયાનંદ પોતાના ભાષ્યના પ્રારંભિક પ્રકરણમાં લખે છે કે ઇશ્વરે જીવોને ગુણ-ગુણી વિજ્ઞાનના ઉપદેશના ઉપદેશ આપ્યો કે તે પદાર્થો યથાયોગ્ય ઉપકાર ગ્રહણ કરવા માટે કયા પ્રકારનાં કર્મ કરવા જોઇએ. તેના માટે જે-જે સાધનો જરૂરી છે તે તમામની જાણકારી

યજુર્વેદમાં આપવામાં આવેલ છે. જ્યાં સુધી જ્ઞાનને ક્રિયારૂપમાં ન લાવવામાં આવે ત્યાં સુધી ઉત્તમ સુખ ક્યારેય ન મળી શકે. વિજ્ઞાન ક્રિયામાં નિમિત્ત બને છે, પ્રકાશક બને છે, અવિદ્યાથી મુક્તિ અપાવે છે, ધર્મમાં પ્રવૃત્ત કરે છે અને ધર્મ અને પુરુષાર્થનો મેળ કરાવે છે, જે - જે કર્મ વિજ્ઞાન આધારિત હોય છે. તે-તે સુખજનક થઇ જાય છે, આથી મનુષ્યએ વિજ્ઞાનપૂર્વક જ નિત્ય કર્મ-અનુષ્ઠાન કરવું. જીવ ચેતન હોવાથી કર્મ કર્યા વિના ન રહી શકે. કોઇ પણ મનુષ્ય આત્મા મન, પ્રાણ અને ઇન્દ્રિયોના સંચાલન વિના ક્ષણભર પણ ન રહી શકે. 'યજુર્ભિ: યજન્તિ' આ પ્રમાણ વડે યજુર્વેદના મંત્રોથી યજન કરવામાં આવે છે. જેના વડે મનુષ્ય ઇશ્વરની અને ધાર્મિક વિદ્વાનોને પૂજા - સત્કાર કરે છે, પદાર્થના સંગતિકરણ દ્વારા શિલ્પવિદ્યાની સિદ્ધ મેળવે છે, શુભ વિદ્યા અને શુભ ગુણોનું દાન કરે છે, યથાયોગ્ય દરેકના ઉપકારમાં, શુભ વ્યવહારમાં અને વિદ્વાનોમાં ધન વગેરે વાપરે છે, તે યજુ: છે. આ રીતેયજુર્વેદમાં મુખ્ય રીતે કર્મકાંડનો વિષય છે. મહર્ષિએ આ જ બાબતને સત્યાર્થપ્રકાશ અને ઋગ્વેદાદિભાષ્ય ભૂમિકામાં પણ કહી છે.

## આવો, પરિચય કરીએ મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...

**મહર્ષિ દયાનંદના વ્યાકરણ વિષયનાં ગ્રંથો :-**



(ગતાંકથી ચાલુ...)

(૫) સામાસિક : (સમાસની વ્યાખ્યા) લે. પં. દિનેશરામ
લેખન સમાપ્તિ કાળ : ભાદરવા વદ ૧ ૨, રવિવાર
સં. ૧૯૩૮

(૬) સ્ત્રૈણ તદ્ધિત : (સ્ત્રી અને તદ્ધિત પ્રત્પયોની વ્યાખ્યા)
લેખન સમાપ્તિ કાળ : માગસર સુદ - ૫, શનિવાર
સં. ૧૯૩૮

(૭) અર્થવ્યયાર્થ : (સંસ્કૃત ભાષામાં વિશેષ રીતે વપરાતા અવ્યયોનો અર્થ અને પ્રયોગ)
સંશોધક : પં. ભીમસેન



(૮) આખ્યતાતિક : (ધાતુપાઠના સ્વતંત્ર ગ્રન્થની વ્યાખ્યા, ઉત્તરાર્ધમાં અષ્ઠાધ્યાયી વૃદન્તભાગની વ્યાખ્યા, આ વેદાંગના સૌથી મોટા ભાગ છે.
લેખક : પં. દિનેશ સંશોધક : પં. ભીમસેન

# અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર

- પં. રુચિરામ આર્યોપદેશક

**(સ્વામી સ્વતંત્રાનંદજીની પ્રેરણાથી પં. રુચિરામ અરબ દેશોમાં વૈદિક ધર્મના પ્રચાર અર્થે સન્ ૧૯૨૯ થી ૧૯૩૬ સુધી સાત (૭) વર્ષ અરબ દેશોમાં અનેક કષ્ટો વેઠીને ફર્યા હતાં. તેમની યાત્રાનું વર્ણન ગુજરાતી અનુવાદ સાથે દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવે છે.)**

**–સહસંપાદક**

ગતાકથી ચાલુ....

જ્યારે અમે પાછા ફરી રહ્યા હતા તો રસ્તામાં પેલા બે અરબ સાથીદારોના મૃતદેહ મળ્યાં. બપોરનો સમય હતો અને ધરતી ધગધગતી હતી. ત્રીજા દિવસે મને ત્રીજા સાથીનો મૃતદેહ મળ્યો, તે પાણી વિના તરફડીને મૃત્યુને શરણ થયો હતો. કતાર પહોંચીને મેં ત્યાંની પોલીસને જાણ કરી. પોલીસે ઊંટ સવાર સિપાહીઓને ત્યાં મોકલ્યાં, તેઓ મૃતદેહોને ત્યાંજ દફન કરી આવ્યાં. દફન કરતા પહેલા મૃતદેહોની તલાશી લેવામાં આવી તો એકના ખિસ્સામાંથી સોનાના આઠ પાઉંડ નીકળ્યા. બીજામાંથી ચાર પાઉંડ અને ત્રીજા પાસેથી કંઇ ન નીકળ્યું. ત્રણેયને દફન કરી દેવામાં આવ્યા અને બાર પાઉંડ રાજ્યકોષમાં જમા કરાવી દેવાયાં.

કતારમાં એક ભારતીય મુસલમાન વાણંદ પણ હતો. તેણે મને ત્રણેયના નામ પૂછ્યા, કારણ કે તે પેલા અરબોને પોતાના સગાં બતાવીને પેલા બાર પાઉંડ મેળવવા ઇચ્છતો હતો. મેં તેને ખૂબ સમજાવ્યો કે પારકા પૈસાને ધૂળ બરાબર સમજવા જોઇએ. તેને સમજાવ્યું કે અહીં વાણંદનું કામ કરતો રહીશ તો બાર પાઉંડ કરતા પણ વધુ કમાઇ લઇશ. એણે મારી શિખામણ ગમી ગઇ. અને લાલચનો વિચાર મનમાંથી કાઢી નાંખ્યો. મેં દસ દિવસ ત્યાં રોકાઇને સમુદ્ર કિનારે ચાલવાનું શરૂ કર્યું.

## :: બહરીન ટાપુ જવા પ્રયાણ ::

કતારથી જોઇવાન, ખોર, જખીરા, ફિહરત, ગાયરત, મફીપર, દમદમ થઇને લખબર પહોંચ્યો. જોઇવાનથી લખબર સુધી કોઇ રસ્તો નથી. હું ખાલીજ ફારિસના કિનારે ચાલતો હતો. કતારથી લખબર પંદર દિવસે પહોંચ્યો. જ્યારે હું અહીં સમુદ્ર કિનારે ઊભો હતો તો સમુદ્રની વચ્ચે એક ખૂબ આભાયુક્ત નગર જોવા મળ્યું. આ જ બહરીન ટાપુ છે. સદ્ભાગ્યે એક નાવ બહરીન જતી હતી, જેમાં મકાન બનાવવા માટેની માટી ભરેલી હતી. હું પણ એક રિયાલ ભાડું ચૂકવીને તેમાં બેસી ગયો. મારી પાસે પાસપોર્ટ ન હતો, આથી નાવના માલિકે

કહ્યું કે તમને મુહરક બજારમાં ઉતારી દેશું.

આ નાવ સાંજના રવાના થઇ હતી. નાવ રાત્રે બહરીન પહોંચી જાય છે, પરંતુ રસ્તો ભૂલી ગયા આથી ચાર દિવસ અને ચાર રાત્રિ સમુદ્રમાં જ ફરતા રહ્યા. ન કોઇ જહાજ આવ્યું કે ન કોઇ નાવ આવી. નાવવાળાએ માત્ર એક દિવસ ચાલે એટલી ભોજન સામગ્રી અને પાણી સાથે લીધું હતું. હવે વધારાના ત્રણ રાત્રિ અને ત્રણ દિવસ વિના ખોરાક-પાણીએ રહેવું કઇ રીતે અમે ભૂખ અને તરસથી વ્યાકૂળ હતા. ઉપરથી શિયાળા દિવસો હોવાથી રાત્રિના હાજા ગગડાવી દેતી ઠંડી પડતી હતી.

મને આ સમયે લાહોર યાદ આવી ગયું કે ત્યાં કેવો આરામ હતો? પરંતુ મારી પરીક્ષા થતી હતી. હું તેમાં પાસ થઇ ગયો. પાંચમાં દિવસે જ્યારે અમે હતાશ થઇ ગયા હતાં, ત્યાં જ બહરીન દેખાવા લાગ્યું. મુહરક બજાર ઉતર્યો અને સીધો જ ત્યાંના શાસક શેખ ઇસાને જઇને મળ્યો. મેં તેમને દુબઇના શેખ સઇદનો પરિચય આપ્યો. તેમણે મને રાજમહેલમાં જ ઉતારો આપ્યો.

બહરીન ટાપુની લંબાઇ ૪૦ માઇલ કરતા વધુ હશે. અને પહોળાઇ લગભગ ૨૦ માઇલ હશે. અહીં મોટાભાગે મોતી કાઢવામાં આવે છે. અહીં ઇરાની લોકો અને ભારતીય મુસલમાનો રહે છે. હિન્દુઓ પણ લગભગ બે હજાર વર્ષોથી વસેલા છે. અહીં કારોબાર ખૂબ ચાલે છે. જહાજ દર પંદર દિવસે આવે છે.

નાવમાં ચાર દિવસ ભૂખ્યો-તરસ્યો રહેવાથી મારુ મન ખાટુ પડી ગયું હતું. મેં નાવમાં જ નિશ્ચય કરી લીધો હતો કે બહરીન પહોંચીને જ પ્રચાર કાર્ય છોડી દઇ હંમેશને માટે શાંતિનું જીવન વ્યતિત કરીશ, પરંતુ પૂજ્ય સ્વામીજીની આજ્ઞાનું પાલનનો વિચાર, આર્યસમાજના જન્મદાતાની મુશ્કેલીઓ અને બલિદાન, આર્યસમાજનો ઉચ્ચ સંદેશ અને વેદપ્રચારની ધૂન વગેરે એવી બાબતો હતી કે જેણે સુખ-શાંતિની ઇચ્છા ઉપર વિજય મેળવી લીધો, અને હું મારા કાર્યોમાં પહેલાં કરતા પણ વધુ સાહસ કરી મહેનત સાથે લાગી ગયો.

ત્યાં બજારમાં હર સમય એકસો અરબ સિપાહીઓનો પહેરો રહે છે અને રાત્રિના આઠ વાગ્યા પછી કોઇને પણ ઘરની બહાર નીકળવાની મનાઇ છે, એ ખુશીની બાબત છે કે ત્યાં હિન્દુઓ હાથમાં ફાનસ લઇને બહાર આવી-જઇ શકે છે. દરેક ચોકમાં સિપાહી પહેરો ભરે છે. દૂરથી આવતા દરેક વ્યક્તિને પૂછવામાં આવે છે કે તમે કોણ છો? જો જવાબ મળે કે હું હિન્દુ છું તો તેને કોઇ કંઇ કહેતુ નથી. આ છે હિન્દુ ધર્મની ઉચ્ચતા કે જેને બે હજાર વર્ષથી રહેતા હિન્દુઓએ અરબોના હૃદયમાં સ્થાપિત કરી દીધી છે.

અહીં મેં અગિયાર દિવસ પ્રચાર કર્યો. વૈદિક વાચનાલય અને

આર્યસમાજની સ્થાપના કરી. અહીં પણ ગુલામ રાખવાનો ખરાબ રિવાજ છે. રાજ્ય તરફથી ઘણી પાઠશાળાઅલ છે જ્યાં અરબી વગેરેનું શિક્ષણ અપાય છે. બહરીનના બે હજારો પ્રસિદ્ધ છે, મુહરક બજાર કે જેમાં શાસક શેખ ઇસા રહે છે અને બીજી મનાયા બજાર, જે સૌથી સુંદર છે તથા ત્યાં વેપારીઓના બંગલા છે. અહીં વેપાર ખૂબ થાય છે. અંગ્રેજી જહાજ દર પંદર દિવસે ટપાલ લઇ આવે છે.

શેખ ઇસાએ હિજબુલ્લાહ અંગેના જેટલાં પુસ્તકો મારી પાસે હતાં. તે બધાં સાંભળ્યા. સુલતાન ઇબનસઊદ કે જે નજદરપાજમાં રહે છે, તે મક્કા મદીનાનો બાદશાહ છે, તેનો એક સફીર એટલે કે પાસપોર્ટ આપવાવાળો અહીં રહે છે. મેં એક પત્ર જલાલા તલ મલિક અબદુલ અજીજ ઇબનસઉદને લખ્યો, જેમાં મેં હિજબુલ્લાહ ધર્મનો પ્રચાર કરવાની રજા માગી, સાથે અરબી ભાષામાં છપાવેલ પ્રચાર સાહિત્ય પણ મોકલ્યું. પરમાત્માની અપાર કૃપાથી મને ત્યાં જવાની રજા મળી ગઇ. સાથે શાહી અતિથિગૃહમાં ઉતરવાની વ્યવસ્થા પણ કરી દીધી. કારણ કે મને અતિથિની જેમ આમંત્રણ મળેલ હતું. પછી હું નાવમાં બેસીને લખબર પાછો ફર્યો.

ક્રમશઃ...

અનુસંધાન પાના નં. ૩૧ પરનું ચાલુ... આર્યસમાજ સુરેન્દ્રનગરનો વાર્ષિક

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી બકુલભાઇ ખાખી (મહામંત્રી, વિશ્વ હિન્દુ પરિષદ, સૌરાષ્ટ્ર પ્રદેશ) હાજર રહ્યાં હતાં. આશરે ૨૦૦ લોકોની ઉપસ્થિતિવાળા આ કાર્યક્રમમાં નગરના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવોને આમંત્રણ આપવામાં આવેલ હતું.

શ્રી બકુલભાઇ ખાખીએ આ પ્રસંગે પોતાના પ્રવચનમાં રાષ્ટ્રધર્મનું મહત્વ સમજાવ્યું હતું. દરેકે સંકલ્પ લીધો હતો કે પરિવાર, સમાજ, રાષ્ટ્ર, ધર્મ, સંસ્કૃતિ અને સંસ્કારોનું રક્ષણ કરીશું.


સમગ્ર કાર્યક્રમનું સંચાલન આર્યબંધુજીએ કર્યુ હતું.

અનુસંધાન પાના નં. ૨૬ પરનું ચાલુ... ગુજરાતની આર્યસમાજોની પુરોહિત

ઝીણવટ ભરી છાણવટ કરી હતી. તેમજ પ્રશ્નોત્તરી દ્વારા પ્રશ્નોનું નિરાકરણ કરેલ હતું.

આ શિબિરમાં ૨૨ પુરોહિતો ઉપરાંત તેઓની આર્યસમાજો પ્રમુખ/મંત્રી પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

તમામ માટે બેઠકમાં આવાસ - ભોજન વગેરેની સુંદર વ્યવસ્થા ચરોતર પ્રદેશ આર્યસમાજ દ્વારા પ્રમુખશ્રી કનકસિંહ વાઘેલા અને મંત્રીશ્રી અશોકભાઇ પટેલના દેખરેખ હેઠળ કરવામાં આવેલ હતી.



# અંધવિશ્વાસ અને તેનું નિવારણ



- મદન રહેજા

**અંધવિશ્વાસ - ગાય માતા અને ગંગામાતાની પૂજા કરવાથી ઘણું પુણ્ય મળે છે.**

પૂજા શબ્દનો અર્થ નહીં સમજવાના કારણે સમાજમાં ઘણી બધી ભ્રાન્તિઓ ફેલાયલ છે. સામાન્ય રીતે પદાર્થ બે પ્રકારના હોય છે. (૧) જડ અને (૨) ચેતન. બંને પ્રકારના પદાર્થોનો ઉપયોગ મનુષ્ય કરે છે. પરંતુ ઉપયોગમાં એ સમજદારી રાખવામાં આવે છે કે જડ સાથે જડ જેવો વ્યવહાર કરવો અને ચેતન સાથે ચેતન જેવો વ્યવહાર કરવો. પદાર્થ સાથે કરાતા વ્યવહારને જ પૂજા કહેવામાં આવે છે.

ગાય ચેતન પ્રાણી - પદાર્થ છે, જ્યારે ગંગા જડ પદાર્થ છે. ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતાનો દરજ્જો આપવામાં આવેલ છે. એ જ રીતે ગંગાને પણ મૈયા કહેવામાં આવે છે. ગાયનું દૂધ અને ગંગાનું પાણી અમૃત સમાન છે. આથી બંનેને માતા તરીકે સંબોધિત કરીને સન્માન આપવામાં આવે છે. જે રીતે ગાયનું દૂધ મનુષ્ય માટે ખૂબ લાભકારી અને સ્વાસ્થ્યવર્ધક છે. તેમાં અન્ય પશુઓના દૂધની સરખામણી એ વધારે ગુણો રહેલા છે, અને તે સાત્ત્વિક પણ છે આથી ગાયના દૂધને અમૃત કહેવામાં આવે છે. માત્ર ગાય જ એવુ પશુ છે કે જેનું છાણ અને મૂત્ર પણ મનુષ્ય માટે અમૃત છે. એમાં ઔષધિયગુણો છે.

ગંગાનું પાણી પણ ગંગોત્રી (હિમાલય)થી નીકળી પર્વતોમાં વહેતા અનેક પ્રકારની જડી-બુટીઓ અને ઔષધિઓના સંપર્કમાં આવવાથી તેમાં અનેક પ્રકારનાં રોગનાશક ગુણો આવી જાય છે.

જો કે આ બધી પ્રાચીન કાળની વાતો છે, ત્યારે આપણો દેશ પ્રદૂષણ મુક્ત હતો. વર્તમાન સમય ઉદ્યોગો - કારખાનાનો છે, વૈજ્ઞાનિક યુગ છે, જેમાં ભૌતિક ઉન્નતિની સાથે પ્રદૂષણ વગેરે અનેક પ્રકારની હાનિ પણ થઇ રહી છે. પર્વતોમાંથી મેદાન સુધી આવતા-આવતા ગંગાની ધારાએ પોતાના ગુણો ગુમાવી દીધાં છે. સમુદ્રને મળતા સુધીમાં તો ગંગા ગંદા-દુર્ગંધ યુક્ત રસાયણો અને કારખાનાઓમાંથી ઠલવાતા કદડાથી એટલી પ્રદૂષિત થઇ જાય છે કે જાણે મોટી ગટર ન હોય! જે પાણી એક સમયે રોગનાશક હતું તે હવે રોગકર્તા બની ગયું છે!

આપણે અગાઉ જોયુ તેમ જડ પદાર્થ ગંગાની પૂજાનો સાચો અર્થ છે તેને પ્રદૂષણ મુક્ત કરવી. અને તેનો સદુપયોગ કરવો. નહીં કે તેમાં ફૂલ વગેરે વસ્તુઓ પધરાવવી, નહીં કે તેની દીવા વડે આરતી ઉતારવી. એ જ રીતે ગાયને તિલક વગેરે પદાર્થો ખવડાવી તૃપ્ત કરવી અને ઉકરડાનો નકામો કચરો ખાતા તેને બચાવવી એ તેની પૂજા છે.



પ્રાચીનકાળ

## પિતૃ નડતર એક અજ્ઞાત ભય!

# રામાયણ કાળ દૂરની વાત થઈ. મહાભારત કાળની વાત કરીએ.

- બળદેવભાઇ ઓઝા

જન્મથી અંત સુધીમાં શ્રી કૃષ્ણે કેવી કેવી કઠણાઇ ભોગવી! ધર્મરાજા યુધિષ્ઠિર સહિત પાંડવોએ પારાવાર કષ્ટો સહન કર્યા. સહદેવ ત્રિકાળ જ્ઞાનીને પણ સુઝયુ નહીં.

"આ બધો પિતૃનો ઉતપાત છે. પિતૃ તર્પણ કર્યા વિના છૂટકારો નથી."

પુત્ર મોહમાં અંધરાજા ધૃતરાષ્ટ્ર, જીવનભર પુત્રોની અવળચંડાઇનો બચાવ કરતા રહ્યાં. અને બદનામી વહોરી લીધી. પિતૃ નડતર ફોર્મ્યુલાથી અજાણ એ સમયે કોઇ વિદ્વાન રાજાના બચાવમાં આગળ ન આવ્યાં.

"દુર્યોધન બિચારો શું કરે? આ બધો ઉત્પાત પિતૃનો છે. પિતૃ સાચુ સૂઝવા દેતા નથી."

આજે આપણને મોટી રાહત છે. પિતૃ નડતરની થિયરી શોધાઇ ચૂકી છે. મહાભારતકાળમાં એ હોત તો કૌરવ બાપ દિકરાને પિતૃના નામે ક્લીનચીટ માતી ગલ હોત. ઠેર-ઠેર વ્યાસપીઠ ઉપરથી ધૃતરાષ્ટ્રની બદનામી સાંભળવા મળે છે. એમાંથી અમને મુક્તિ મળી હોત.

શાસ્ત્રોના અભ્યાસ પરથી સાબિત થાય છે કે રામાયણ અને મહાભારત કાળમાં પિતૃનડતરની થિયરી અમલાં ન હતી. રાજકુળમાં ન હતું. જંગલમાં રહેનાર પછાત કુળમાં ન હતું. રાક્ષસ કુળમાં ન હતું તો પછી પિતૃ નડતર આવ્યું ક્યારે! ક્યાંથી! બીજો પ્રશ્ન એ છે કે રામાયણ અને મહાભારત કાળના એ બધા પિતૃઓ શું કરતા હતાં? પોતાનાને નડવનું એ લોકોને સુઝતુ ન હતું કે ઇશ્વરે ત્યારે એમને નડવાની છૂટ કે શક્તિ આપી ન હતી? પોતાનાને નડવાના પિતૃઓને અધિકાર આપતો કુદરતી કાયદો ક્યારથી અમલમાં આવ્યો હશે એ એક સંશોધનનો વિષય છે.

આપણી કમનશીબી એ છે કે મારા તમારા સમયમાં આપણા પિતૃઓ આવી સત્તા મળી ગઇ છે. તાંત્રિકના કહેવા મુજબ આપણાં પિતૃઓ આ સત્તાનો ભરપુર ઉપયોગ કરીને ધારે ત્યારે પોતાના બુરા હાલ-હવાલ કરતા રહે છે.

પુસ્તકના પાને વેણ રૂપી વધાવો:

વિદ્વાન ગુરૂ વિશિષ્ટ બહુ જ નમ્રતા પુર્વક ઉપદેઈ આપતા.

"સુનહુ ભરત ભાવી પ્રબલ..."

આપણાં વિદ્વાન તાંત્રિકો છાતી ઠોકીને હાકલા પડકારા કરતા આપણને ધરાર

ઠસાવતા રહે છે.

"બધો ઉત્પાત પિતૃને કારણે જ થાય છે. પિતૃ નડે એવું કોઇ ના નડે."

ઋષિ મુનિઓ કઠોર તપ કરતા હતા. આજે તો બીડીઓ ફૂંકતા અને ક્યાંક તો છાંટો પાણી કરતા કરતા કેટલાક લોકો કુદરતના રહસ્યને જગત સમક્ષ મૂકે છે.

"ભણેલા ભલે ને ન માને. પિતૃ નડે એવું કોઇ ના નડે!"

"સદગુરૂ ગોત્યે ના: મળે" એવા આ દેશમાં આજે શેરીએ શેરીએ જ્ઞાનના ભંડાર એવા કહેવાતા ગુરૂઓ હાજરા હજૂર હોય છે.

અનુસંધાન પાના નં. ૨૯ પરનું ચાલુ...

## સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસ

બાળકોને મોકલવા સમજાવવામાં આવેલ હતું. ઉલ્લેખનીય છે કે આર્યસમાજ ટંકારાની સ્થાપના સ્વામી શ્રદ્ધાંદજીએ કરી હતી.

**(૩) આર્યસમાજ, કાંકરિયા, અમદાવાદ** દ્વારા સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં યજ્ઞ અને વિદ્વાનોના પ્રવચનો રાખવામાં આવેલ હતાં. પં. કમલેશકુમાર અગ્નિહોત્રી અને પં. નરેશદત્તજી ભજનોપદેશકે સ્વામીજીના જીવન અને કાર્યો ઉપર પ્રકાશ પાડયો હતો.

**(૪) ગુરુકુલ, સૂપા (જિ. નવસારી)** ખાતે મુખ્યાધિષ્ઠાતા સુરેશભાઇ રત્નાણીના માર્ગદર્શન હેઠળ અને ગુરુકુળના અધિકારીઓની પ્રેરણાથી સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં યજ્ઞ બાદ વિદ્યાર્થીઓએ સ્વામીજીના જીવન અને કાર્યો ઉપર વકતવ્યો આપ્યા હતાં.

ઉલ્લેખનીય છે કે ગુરુકુલ સૂપાની સ્થાપના સ્વામી શ્રદ્ધાનંદજીએ કરી છે. જેમાં અનેક બ્રહ્મચારીઓ પોતાના જીવનનું નિર્માણ કરે છે. **(૫) આર્યસમાજ, રાજકોટ** દ્વારા માયાણીનગર ખાતે યજ્ઞ બાદ સ્વામી શ્રદ્ધાનંદજીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સત્સંગમાં ઉપસ્થિત મહાનુભાવોને સ્વામી શ્રદ્ધાનંદજીના ત્યાગ અને બલિદાનની ઝલક આપવામાં આવી હતી.

**(૬) આર્યસમાજ, જૂનાગઢ** દ્વારા સ્વામી શ્રદ્ધાનંદનો ૯૧ મો બલિદાન દિવસીય માયારામ આશ્રમ ખાતે ઉજવવામાં આવ્યો. જેમાં સર્વ પ્રથમ યજ્ઞ રાખવામાં આવ્યો. આશ્રમના વિદ્યાર્થીઓએ યજ્ઞમાં આહુતિ આપી. આ પ્રસંગે આશ્રમના ૬૦ જેટલાં વિદ્યાર્થીઓને શ્રી હુંદરાજભાઇ અડવાણીના સહયોગથી, વસ્ત્રોનું વિસ્તરણ કરવામાં આવેલ હતું. જેમાં હુંદરાજભાઇ સપત્નિક હાજર હતા.


પ્રવીણાબેન વાઘેલાએ સ્વામી શ્રદ્ધાનંદજીના જીવન ઉપર પ્રકાશ પાડયો હતો.





મહર્ષિ દયાનંદ સરસ્વતીએ 'વ્યવહારભાનુ' પુસ્તકમાં શિક્ષાપ્રદ દષ્ટાંતો આપેલાં છે. જેના આધારે ભારત મકવાણાએ બાળકો માટે ચિત્રકથા તૈયાર કરી છે. જેનુ પ્રકાશન આર્ષ સાહિત્ય પ્રચાર ટ્રસ્ટ દિલ્લી દ્વારા કરવામાં આવેલ છે. 'આર્ય વૈદિક દર્શન'ના બાળ વિભાગમાં તેનો ગુજરાતી અનુવાદ ક્રમશઃ પ્રકાશિત કરવામાં આવે છે. વડીલો પોતાના બાળકોને એ વાંચવા પ્રેરણા આપશે એવી આશા છે. - સહસંપાદક

# અધર્મી દુકાનદાર - અધર્મી ગ્રાહક

તે મનુષ્ય ધન્ય છે કે જે પોતાના તમામ વ્યવહાર સત્ય વડે કરે છે અને સ્વપ્નમાં પણ પોતાના વ્યવહારમાં અસત્યનો આશરો લેતા નથી.




- बच्चो! झूठ बोलनेवाले व्यक्ति पर कोई विश्वास नहीं करता। उसकी बात पर सभी माँ, पापा, भाई, बहन भी विश्वास नहीं करते। इसलिए, झूठ नहीं बोलना चाहिए।





* एक झूठ को छिपाने या सही साबित करने के लिए अनेक झूठ बोलने पड़ते हैं और झूठी कसमें भी खानी पड़ती हैं। उदाहरण: झूठा दुकानदार और झूठा ग्राहक।


ગ્રાહક ધીરે-ધીરે એમ સમજીને આગળ ચાલવા લાગ્યો કે વેપારી મને બોલાવે છે કે નહીં. દુકાનદાર પણ ત્રાસી નજરે ગ્રાહકને જોતો હતો કે તે પાછો આવે છે કે નહીં. જ્યારે એમ લાગ્યું કે ગ્રાહક પાછો આવે તેમ નથી, તો વેપારીએ અવાજ દીધો.





દુકાનદારને થયું કે ગ્રાહક હાથથી જશે. આથી તેને બોલાવ્યો અને બેસાડીને કહ્યું -




* बच्चो! सत्य के सहारे काम सरल बनता है और तुरन्त सिद्ध होता है। झूठ के सहारे किये जाने वाले काम में बहुत सा समय बरबाद हो जाता है। देखो - ग्राहक और दुकानदार का कितना समय बरबाद हो गया।




* बच्चो! बार-बार झूठ बोलने से आदत बिगड़ जाती है और वह धीरे-धीरे बेईमान भी बन जाता है। देखो: झूठा दुकानदार किस तरह बेईमानी करने लगा है।




* बच्चो! झूठ से किसी का भी भला नहीं होता, खुद झूठ बोलनेवाले का भी नहीं। झूठ से हमेशा वैर और नफ़रत बढ़ती है। देखो: ग्राहक और दुकानदार आपस में कैसे झगड़ने लगे।



# ગુજરાત નું ગતિશીલ....... આર્યજગત

## ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આગામી એપ્રિલ માસમાં યોજાશે સ્વાધ્યાય શિબિર.

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાની અંતરંગ સભાની બેઠક ચરોત્તર પ્રદેશ આર્યસમાજ આણંદ ખાતે તાજેતરમાં યોજાઇ ગઇ. જેમાં નિર્ણય લેવામાં આવેલ હતો કે આર્યસમાજોના પદાધિકારીઓ, આર્યસભાસદો અને આર્ય સદસ્યો માટે આગામી એપ્રિલ માસમાં સ્વાધ્યાય શિબિરનું આયોજન કરવું.

આર્યસમાજ એક વિચારશીલ સંગઠન છે. તેની સાથે જોડાનારનું વૈચારિક સ્તર તુલનાત્મક દષ્ટિએ ઊંચુ હોય છે. એનું કારણ તેઓનો સ્વાધ્યાય છે. આર્યસમાજ મૂળભૂત રીતે સુધારાવાદી આંદોલન છે. સમાજમાં વ્યાપ્ત માનસ પ્રદૂષણ દૂર કરવાની જવાબદારી આર્યસમાજના શીરે છે. આ જવાબદારીનું વધુ સારી રીતે નિર્વહન થઇ શકે એ માટે દરેક આર્યોએ વૈદિક ધર્મનાં સિદ્ધાંતથી પૂર્ણ પરિચિત હોવું જરૂરી છે. આથી સભા દ્વારા અવાર-નવાર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તે ક્રમમાં સ્વાધ્યાય શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

શિબિર સ્થળ અને તારીખો હવે પછી જણાવવામાં આવશે.

આ શિબિરમાં ગુજરાતની દરેક આર્યસમાજોનાં પદાધિકારીઓ, આર્ય સભાસદો અને આર્ય સદસ્યો ભાગ લેશે.

### વેદોનું "શ્રુતિ" નામ શા માટે છે ?

સૃષ્ટિના આરંભથી આજ પર્યંત અને બ્રહ્માદિથી લઇ આપણાં લોકો પર્યંત જેનાથી સર્વ સત્ય વિદ્યાઓ સાંભળતા આવ્યા છીએ, એથી વેદોનું નામ "શ્રુતિ" પડયું છે. કેમ કે કોઈ દેહધારીએ વેદોના બનાવનારને સાક્ષાત્ કદી જોયો નથી, એ કારણથી જ્ઞાન થાય છે કે નિરાકાર ઈશ્વરથી જ ઉત્પન્ન થયા છે અને તેને સાંભળતા-સાંભળતા જ આજ પર્યંત સર્વ લોકો ચાલ્યા આવ્યાં છે.

(ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા, વેદોત્પત્તિ વિષય)

# ગુજરાતની આર્યસમાજોના પુરોહિતોની ચિંતન બેઠક યોજાઈ.

## વિવાહ સંસ્કાર અને તેના મહત્વના બિંદુઓ ઉપર થઈ સાર્થક ચર્ચા.

## આચાર્ય પુનીતકુમાર (મેરઠ)નું પ્રાપ્ત થયું માર્ગદર્શન





ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા ગુજરાતની આર્યસમાજોમાં પુરોહિત તરીકે સેવા આપતા કર્મયોગીઓની ચિંતન બેઠક તાજેતરમાં યોજાઇ ગઇ.

દ્વિદિવસીય બેઠકમાં મુખ્ય વિષય વિવાહ સંસ્કાર રાખવામાં આવેલ હતો. સર્વવિદિત છે કે લોકોને આર્યસમાજોમાં યોજાતા વિવાહ સંસ્કાર પ્રત્યે શ્રદ્ધા છે. આથી અન્ય સંસ્કારોના પ્રમાણમાં વિવાહ સંસ્કાર કરાવવા લોકો આર્યસમાજનો વિશેષ રીતે સંપર્ક કરે છે. દરેક સંસ્કારોનુ પોતાનુ મહત્ત્વ છે, પરંતુ વિવાહ સંસ્કારનું આગવું મહત્ત્વ છે. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશતા વર-વધૂને વિવાહ સંસ્કારના તમામ બિંદુઓથી માહિતગાર કરી તેમાં કરવામાં આવતી પ્રતિજ્ઞાઓનું તેમના જીવનમાં પાલન કરે અને ગૃહસ્થ જીવનને સુખમય બનાવે એ જરૂરી છે.

કોઇ પણ કાર્યોનો વ્યાપ વધવાથી તેમાં સૂક્ષ્મ વિકૃતિ આવવી સ્વાભાવિક છે. વળી, વિશાળ માનવ સમૂદાયમાં વિવિધ બિરાદરીઓ, સમાજો, જ્ઞાતિઓ અને તેઓના રીતરિવાજો વ્યાપ્ત છે. આથી તેઓના લોકાચાર સાથે ઋષિ પ્રણીત સંસ્કાર વિધિ કઇ રીતે જાળવી શકાય તેની ચર્ચા-વિચારણા કરવામાં આવી.

આ માટે માર્ગદર્શન આપવા વિદ્વાન તરીકે યુવા આચાર્ય પુનીતકુમાર (મેરઠ)ને ખાસ આમંત્રણ આપવામાં આવેલ હતું. તેઓએ તમામ વિધિઓની

અનુસંધાન પાના નં. ૧૬ પર

# આર્યસમાજ, પાટણ
## અનેકવિધ કાર્યક્રમો યોજાયા.

(૧) આર્યસમાજ મંદિર-સોનીવાડા, પાટણમાં દરરોજ દૈનિક યજ્ઞ થાય છે. તેમાં ડૉ. હર્ષદભાઇ હેમચંદભાઇ પટેલ પધાર્યા, તેઓએ રૂા. ૧૫૦૦૦/- નો તાંબાનો હવન કુંડ તથા ઝારી, સુવો, તરભાણી, ચમચી, પવાલીનો આખો સેટ ભેટ આપ્યો તથા ઘી અને સામગ્રી માટે રૂા. ૩૧૦૦/- (ત્રણ હજાર એકસો રોકડા) આપી આર્યસમાજના કાર્યને બીરદાવ્યું. આર્યસમાજ તરફથી તેમને સ્વામી દયાનંદ સરસ્વતીના પુસ્તકોનો સેટ ભેંટ આપ્યો અને દાન સ્વીકારી આભાર માન્યો.

**(૨)** શ્રી દીપકભાઇ નટવરલાલ પ્રજાપતિને ત્યાં હવન-સત્સંગ અને પ્રવચન-પ્રચારનો કાર્યક્રમ તા. ૨૭-૧૧-૨૦૧૭ના રોજ રાખવામાં આવ્યો. તેમાં પ્રજાપતિ સમાજના મોટી સંખ્યામાં હાજર રહી હવન અને સત્સંગનો લાભ લીધો.


**(૩)** તા.૧૯-૧૧-૨૦૧૭ના રોજ સ્વ. જ્ઞાનેશ્વરજી આર્યને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. તેમના જીવન ઝરમર પર પ્રકાશ પાડવામાં આવ્યો.

# ગુરુકુળ સૂપા દ્વારા
## આચાર્ય જ્ઞાનેશ્વરજીને શ્રદ્ધાંજલિ અપાઇ


આચાર્ય જ્ઞાનેશ્વરજીને શ્રધ્ધા અંજલી અર્પણ કરતા ગુરૂકુલ સુપાના બ્રહમચારીગણ

તા. ૧૭/૧૧/૨૦૧૭ ના રોજ ગુરુકુલ સૂપા આશ્રમમાં સ્વ.આચાર્ય જ્ઞાનેશ્વરજી આર્ય ને ગુરુકુલ સૂપા નવસારી દ્વારા શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા. ગુરુકુલ સૂપાનાં મુખ્યાધિષ્ઠાતા શ્રી સુરેશભાઇ રત્નાણી દ્વારા આચાર્ય જ્ઞાનેશ્વરજીની વિસ્તૃત ચર્ચા તથા તેમના કાર્યની ઓળખ કરાવી આવા મહાન સંત સમાન આર્ય સમાજના ધુરંધર પ્રચારક આચાર્ય જ્ઞાનેશ્વરજીના દુઃખદ સમાચાર થી સમગ્ર ગુરુકુલ સૂપાના બ્રહ્મચારીઓ, પરિવારજનો તથા સમગ્ર ટ્રસ્ટીગણ અને અંતરંગ સદસ્યશ્રીઓ ઊંડા દુઃખની લાગણી અનુભવે છે. સાથે-સાથ આચાર્ય જ્ઞાનેશ્વરજી ગુરુકુલ સૂપાની મુલાકાતે પણ અગાઉ બે વાર આવી ચુકેલા છે. અને સંસ્થા વિશે એમના ઊંડા ખ્યાલો તથા શ્રદ્ધા વિશેની ચર્ચા કરવામાં આવી. શ્રદ્ધાનંદ સ્થાપિત આ ગુરુકુલ સૂપા હોવાથી ગુરુકુલ સૂપાના બ્રહ્મચારીઓ ઉપર વિશેષ લાગણી ધરાવતા હતા.

# ગુજરાતની આર્યસમાજોએ ઉજવ્યો
# સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસ



સ્વામી શ્રદ્ધાનંદજી

ગુરુકુલીય શિક્ષાના પ્રેરક અને સ્થાપક, સ્વાતંત્ર્ય સંગ્રામના યોદ્ધા, મહાન ઋષિ ભક્ત, નિર્ભીક સંન્યાસી, દલિતોદ્ધારક સ્વામી દયાનંદજીના ૯૧માં બલિદાન દિવસની ઉજવણી ગુજરાતની આર્યસમાજમાં કરવામાં આવી તેના સંકલિત સમાચારો...

**(૧) આર્યસમાજ જામનગર** ની સ્થાપના સ્વામી શ્રદ્ધાનંદજીની પ્રેરણાથી કરવામાં આવેલ હતી. આથી આર્યસમાજ જામનગરનો સ્થાપના દિવસ સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસ ઉજવવામાં આવે છે. આ આર્યસમાજ દ્વારા જામનગરમાં કન્યા કેળવણીનો યજ્ઞ શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલયના સ્વરૂપે ચલાવવામાં આવે છે. વિદ્યાલયનો વાર્ષિક ઉત્સવ પણ સાથે રાખવમાં આવે છે. ચાલુ વર્ષે તા. ૧૯ થી ૨૩ ડિસેમ્બર ૨૦૧૭ પાંચ દિવસીય ઉત્સવ રાખવમાં આવ્યો હતો. જેમાં તા. ૧૯ ના રોજ કન્યા વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓ વર્તમાનમાં વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ સ્થાને બિરાજે છે તેઓનું સ્નેહમિલન અને આર્યસમાજ દ્વારા તેઓનું સન્માન રાખવામાં આવ્યું હતું.

તા. ૨૦ થી ૨૨ સુધી સામવેદ પારાયણ યજ્ઞ પાણિનિ કન્યા ગુરુકુળ વારાણસી ઉપાચાર્ય ડૉ. જયોત્સ્નાજી વેદરત્નના બ્રહ્માસ્થાને રાખવમાં આવ્યો હતો. વેદપાઠી તરીકે પાણિનિ કન્યા ગુરુકુલની બ્રહ્મચારીણિઓ હતી. ભજનોપદેશ માટે પં. ભૂપેન્દ્રસિંહજી પધાર્યા હતા. તેઓના ભજનોપદેશના કાર્યક્રમ જામનગર આસપાસની શાળા - કોલેજોમાં અને છાત્રાલયોમાં પણ રાખવામાં આવેલ હતાં.

આ દિવસો દરમ્યાન જામનગર જિલ્લાની કન્યા વિદ્યાલયની છાત્રાઓ માટે આર્યસમાજ જામનગર દ્વારા વકતૃત્વ સ્પર્ધા રાખવામાં આવેલ હતી.

તા. ૨૩ના રોજ સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસની ઉજવણી બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના સંયુકત તત્વાવધાનમાં જામનગરના દલિતવાસમાં કરવામાં આવેલ હતી. જેમાં યજ્ઞવેદી પર ચાર દલિત યજમાન દંપતી બેઠા હતાં. યજ્ઞ બાદ શ્રી લાલજીભાઇ સોલંકી (પૂર્વ ધારાસભ્ય)ની અધ્યક્ષતામાં વિશેષ સભા




રાખવામાં આવેલ હતી. જેમાં દલિતભાઇઓ માટે વિવિધ સેવા અને સમાજ સુધારના કાર્યો કરતા શ્રી રામજીભાઇ મેઘજીભાઇ જાદવ, શ્રી રામજીભાઇ પીતાંબરભાઇ પરમાર, શ્રી પીઠાભાઇ ખીમાભાઇ ચાવડા, શ્રી અર્જુનભાઇ કરશનભાઇ પરમાર (પૂર્વ કોર્પોરેટર), શ્રી રામજીભાઇ આલાભાઇ ડાભી, શ્રી મનજીભાઇ મેઘજીભાઇ ગોહિલ, શ્રી દેવશીભાઇ ગાગાજીભાઇ યાદવ, શ્રી તેજાભાઇ હીરજીભાઇ ગોહિલ, શ્રી જયસુખભાઇ પરમાર, શ્રી મોહનભાઇ વાલજીભાઇ પરમાર, શ્રી ભાણજીભાઇ ભીમજીભાઇ ડાભીના સુપુત્ર શ્રી પ્રેમજીભાઇ ડાભી વગેરે દલિત વડીલો અને યુવકોનું આર્યસમાજ જામનગર દ્વારા શાલ ઓઢાડી સાહિત્ય ભેંટ આપી સન્માન કરવામાં આવેલ હતું.

મુખ્ય વક્તા ડૉ. જયોત્સનાજી વેદરત્નએ સ્વામી શ્રદ્ધાનંદના જીવન અને કાર્યો ઉપર પ્રકાશ પાડયો હતો. પં. ભૂપેન્દ્રસિંહજીએ પોતાના જોશીલા અવાજમાં શૌર્ય પ્રેરક ગીતો રજૂ કરી સભામાં ઉત્સાહ ભરી દીધો હતો.

કાર્યક્રમમાં બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના પ્રમુખ રણજીતસિંહ પરમાર અને સદસ્યો, આર્યસમાજ જામનગરના મંત્રી ધનજીભાઇ આર્ય અને આર્ય સદસ્યો, આર્યસમાજ ટંકારાના ઉપપ્રમુખશ્રી હસમુખભાઇ પરમાર અને સદસ્યો હાજર રહ્યાં હતાં.

સમગ્ર કાર્યક્રમ આર્યસમાજ જામનગરના પ્રમુખ પ્રેમજીભાઇ રાણા અને મંત્રીશ્રી ડૉ. અવિનાશભાઇ ભટ્ટના માર્ગદર્શનમાં સંપન્ન થયો હતો.

સંચાલન અને સંયોજન શ્રી દીપકભાઇ ઠક્કર અને હસમુખભાઇ (મંત્રી બૃ. સૌ. સભા)એ સંયુક્ત રીતે કર્યુ હતું.

અંતમાં પ્રીતિભોજન યોજાયુ હતું. જેમાં દલિત ભાઇ-બહેનો પણ જોડાયા હતાં.

**(૨) આર્યસમાજ ટંકારા** દ્વારા સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસની ઉજવણી દલિતવાસમાં કરવામાં આવી હતી. જેમાં પ્રારંભમાં યજ્ઞ રાખવામાં આવેલ હતો. જેમાં યજમાન પદે દલિત દંપતી બેઠા હતાં. ત્યાર બાદ ઉપસ્થિત શ્રોતાઓ યજ્ઞનું મહત્વ સમજાવવામાં આવેલ હતું તથા પરિવારોમાં યજ્ઞ-સત્સંગ રાખવા, માનવ જીવન નિર્માણના સંસ્કારો કરાવવા તેમજ વ્યસન મુકત બનાવવા પ્રેરણા આપવામાં આવી હતી. આર્યસમાજમાં બાળ-કિશોર નિર્માણની પ્રવૃત્તિમાં પોતાના

અનુસંધાન પાના નં. ૧૯ પર

# ગુજરાત પ્રાંતીય સભા દ્વારા
# રાજયકક્ષાની વકતૃત્વ સ્પર્ધા યોજાઇ.



મહર્ષિ દયાનંદ સરસ્વતીની ગુજરાત પ્રચાર યાત્રાની સ્મૃતિમાં છેલ્લા ત્રણ વર્ષથી વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. તદનુસાર ચાલુ વર્ષે પણ સ્પર્ધાનું જિલ્લા, ક્ષેત્ર અને રાજ્ય ક્ષેત્ર એમ ત્રિસ્તરીય કરવામાં આવેલ હતું. જિલ્લા અને ક્ષેત્રોની સ્પર્ધાઓ પૂર્ણ થતા રાજ્ય કક્ષાની સ્પર્ધા તા. ૩૦ ડિસેમ્બરના રોજ આર્યસમાજ, કાંકરિયા અમદાવાદ ખાતે રાખવામાં આવેલ હતી. સ્પર્ધાના અંતે નીચે મુજબ વિજેતા જાહેર થયા હતા.

૧. કુ. સાણજા દેવાંગી શૈલેષભાઇ – સરસ્વતી માધ્ય. વિદ્યાલય – મોરબી

૨. કુ. રૂપાપરા જહાન્વી દિલીપભાઇ – સર્વોદય કન્યા વિદ્યાલય – રાજકોટ

૩. ખાંટ જિતેન્દ્ર ભેમાભાઇ – જે. એસ. હાઇસ્કૂલ – ધનસુરા

વિજેતાઓને સભા દ્વારા રોકડ પુરસ્કાર અનુક્રમે રૂા. ૨૫૦૦, ૨૧૦૦ અને ૧૫૦૦ અને શીલ્ડ આપવામાં આવેલ હતા. તેમજ ભાગ લેનાર તમામને પ્રમાણપત્રા આપવામાં આવેલ હતાં.

આ સ્પર્ધા ધો. ૯ થી ૧૧ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રાખવામાં આવેલ હતી. જેના વિષય હતા – ૧. માનવ સંગઠનનાં ઉપાયો, ૨. આદર્શપરિવાર. જે પૈકી કોઇ પણ એક વિષય ઉપર સ્પર્ધકે વકતવ્ય આપવાનું હતું. સ્પર્ધામાં જિલ્લા અને ક્ષેત્રીય સ્તરે ઉપરોક્ત વિષયો જ રાખવામાં આવેલ હતાં. જિલ્લા કક્ષાએ પ્રથમ અને દ્વિતીય આવનારને ક્ષેત્ર કક્ષાએ ભાગ લેવાનો હતો. તેમાં પ્રથમ અને દ્વિતીય સ્થાને આવનારને રાજય કક્ષાએ ભાગ લેવાનો હતો.

તમામ સ્તરે પ્રાંતીય સભા દ્વારા શીલ્ડ અને પ્રમાણપત્રો તેમજ આયોજક સ્થાનિક આર્યસમાજો દ્વારા રોકડ પુરસ્કાર અને સાહિત્ય ભેંટ આપાયા હતા. નિર્ણાયક તરીકે ગીતાબેન મહેતા, શ્રી બદ્રીપ્રસાદ બી. શાસ્ત્રી, શ્રી વિશ્વનાથ શાસ્ત્રીએ સેવા આપી હતી.

રાજ્ય કક્ષાની સ્પર્ધા સભા પ્રમુખશ્રી સુરેશચંદ્ર આર્યની અધ્યક્ષતામાં યોજાઇ હતી. નિર્ણાયક તરીકે કમલેશકુમાર શાસ્ત્રીએ સેવા આપી હતી.

## સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં

# પં. ભૂપેન્દ્રજી આર્યોપદેશકનો પ્રચાર કાર્યક્રમ યોજાયો.

આર્યસમાજના વયોવૃદ્ધ પરંતુ યુવાનોને પણ શરમાવે એવા જોશિલા અવાજના ધણી, જૂની પેઢીના ભજનોપદેશક પં. ભૂપેન્દ્રસિંહજી અને તેમના સાથી લેખરાજજી શર્માનો પ્રચાર કાર્યક્રમ તા. ૧૦ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ સૌરાષ્ટ્ર ક્ષેત્રની આર્યસમાજોમાં યોજાઇ ગયો. જેનો લાભ સ્થાનિક આર્યસમાજોએ લીધો. તેઓના કાર્યક્રમો વિવિધ વિસ્તારોમાં, શાળા-કોલેજોમાં અને છાત્રાલયમાં રાખવામાં આવેલ હતાં. લોકોએ ખૂબ પ્રસંશા કરી હતી.

# આર્યસમાજ સુરેન્દ્રનગરનો વાર્ષિકોત્સવ ઉજવાયો.



આર્યસમાજ સુરેન્દ્રનગરનો વાર્ષિક ઉત્સવ ગત તા. ૧૨ ડિસેમ્બરના રોજ ઉજવવામાં આવ્યો. ઉત્સવ સાથે સ્નેહમિલન પણ રાખવામાં આવ્યું હતું. જેમાં પં. ભૂપેન્દ્રસિંહજી અને લેખરાજ શર્માના ભજનોપદેશ રાખવામાં આવ્યા હતા.

અનુસંધાન પાના નં. ૧૬ પર

## સાર્વદેશિક વીરાંગના દળનું

# રાષ્ટ્રીય સંમેલન દિલ્લી ખાતે યોજાયું.



ગત તારીખ ૨૩ અને ૨૪ ડિસેમ્બર ૨૦૧૭ દ્વિદિવસીય આર્યવીરાંગનાઓનું રાષ્ટ્રીય સંમેલન નવી દિલ્લી ખાતે યોજાઇ ગયું. જેમાં સાર્વદેશિક આર્યવીરાંગના દળની શિક્ષિકાઓ ઉપસ્થિત રહી હતી.

અનુસંધાન પાના નં. ૧૧ પર

# આર્યાભિવિનય

सुमित्रिया न ऽ आप ऽ ओषधयः सन्तु।
दुर्मित्रियास्तस्मै सन्तु योऽस्मान् द्वेष्टि यं च वयं द्विष्म॥
यजुर्वेद० ३६.२३॥२९॥

**વ્યાખ્યા :** હે સર્વ મિત્ર સંપાદક! આપની કૃપાથી પ્રાણ, જળ, વિદ્યા અને ઔષધિ સુમિત્રિયા: અમારા માટે સદા સુખકારક બનો, કદી પ્રતિકૂળ ન બનો જે અમારા પ્રત્યે દ્વેષ, અપ્રીતિ અને શત્રુતા કરે છે તથા જે દુષ્ટ પ્રત્યે અમે દ્વેષ કરીએ છીએ, હે ન્યાયકારિન્! તેને માટે દુર્મિત્રિયા: પૂર્વોક્ત પ્રાણાદિ પ્રતિકૂળ દુઃખદાયક જ બનો. અર્થાત્ જે અધર્મ કરે તેને આપના રચેલા જગતના પદાર્થો દુઃખદાયક જ બનો. જેથી તેઓ (અધર્મ ન કરે અને) અમને દુઃખ ન આપી શકે. પુનઃ (પ્રાર્થના છે કે) અમે સદા સુખી જ રહીએ.

BOOK-POST



RNI Registration No. GujGuj/2015/63289
Posted at Rajkot - RMS on 6th of every Months
Postal Regd. No. Rajkot / 672 / 2015 - 17

પ્રતિ,

**પ્રેષક :**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ, ટંકારા,**
**પિન : ૩૬ ૩૬ ૫૦, જિ. મોરબી.**

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj, Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL